છેવાડાના શુન્યમાંથી સર્જનનો નાદ એટલે.....

# અંત્યોદય ન્યૂઝ

સોશિયલ મીડિયા આવૃત્તિ

antyodayanews26@gmail.com

તંત્રી : ગોપાલ એન. સોજીત્રા - ૮૫૧૧૮ ૬૩૯૩૯ | સંપાદક : હરજીવન આર. ગધેસરીયા - ૯૪૨૯૨ ૧૫૬૬૪

• વર્ષ 1 • અંક 25 • પાના 4 • દિનાંક 15-05-2026 શુક્રવાર • અંત્યોદય ન્યૂઝ • સ્થળ : ૨૪/૨૫, બીજો માળ, શિવશક્તિ કોમ્પ્લેક્ષ, લાઠી રોડ, અમરેલી, ૩૬૫૬૦૧

## ઓમાનના દરિયામાં ગુજરાતના જહાજ પર મિસાઈલ હુમલોઃ ભારતની લાલ આંખ, વ્યાપારી જહાજો પરના હુમલાને 'અસ્વીકાર્ય' ગણાવી આકરી ટીકા

**દ્વારકાના સુલતાન અહેમદની માલિકીનું 'MSV હાજી અલી' મધદરિયે ડૂબ્યું; સોમાલિયાથી શારજાહ જતી વખતે ડ્રોન કે પ્રોજેક્ટાઈલે જહાજને લીધું નિશાન**



નવી દિલ્હીઃ

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા ભીષણ યુદ્ધ અને વધતા તણાવની સીધી અસર હવે વ્યાપારી જહાજો પર જોવા મળી રહી છે. ઓમાનના દરિયાકાંઠે ૧૩ મેના રોજ ગુજરાતના દેવભૂમિ દ્વારકાની માલિકીના એક ભારતીય કાર્ગો જહાજ પર ભયાનક હુમલો થયો હતો. આ હુમલામાં જહાજ ડૂબી ગયું હોવાના અહેવાલ બાદ ભારત સરકારે આંતરરાષ્ટ્રીય મંચ પર આકરી પ્રતિક્રિયા આપી છે. વિદેશ મંત્રાલયે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે, વ્યાપારી જહાજો અને નિર્દોષ નાગરિકો પર આવા હુમલા જરા પણ ચલાવી લેવામાં આવશે નહીં.

પ્રાપ્ત માહિતી અનુસાર, દેવભૂમિ દ્વારકાના રહેવાસી સુલતાન અહેમદ અંસારની માલિકીનું જહાજ 'MSV હાજી અલી' સોમાલિયાના બર્બેરા પોર્ટથી માલસામાન ભરીને શારજાહ જઈ રહ્યું હતું. ૧૩ મેની મોડી રાત્રે જ્યારે જહાજ ઓમાનની જળસીમામાં હતું, ત્યારે અચાનક ડ્રોન અથવા મિસાઈલ જેવા પ્રોજેક્ટાઈલથી તેના પર હુમલો કરવામાં આવ્યો હતો. આ પ્રચંડ હુમલાને કારણે જહાજમાં ભીષણ આગ ફાટી નીકળી હતી અને જોતજોતામાં 'સ્જીફ હાજી અલી' દરિયામાં ગરકાવ થઈ ગયું હતું.

આ દુર્ઘટના સમયે જહાજ પર ૧૪ ભારતીય ક્રૂ મેમ્બર્સ સવાર હતા. જહાજ ડૂબવા લાગતા ઓમાન કોસ્ટ ગાર્ડને તાત્કાલિક જાણ કરવામાં આવી હતી. ઓમાનની સુરક્ષા ટીમે અત્યંત જોખમી સ્થિતિમાં રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધરીને તમામ ૧૪ ભારતીય ખલાસીઓને સુરક્ષિત રીતે બચાવી લીધા હતા. ભારતના વિદેશ મંત્રાલયે આ માનવીય મદદ બદલ ઓમાન સરકારનો આભાર માન્યો છે અને તમામ ક્રૂ મેમ્બર્સ સુરક્ષિત હોવાની પુષ્ટિ કરી છે.

આ હુમલો એવા સમયે થયો છે જ્યારે મધ્ય પૂર્વમાં યુદ્ધની સ્થિતિ વણસી છે. ૨૮ ફેબ્રુઆરીના રોજ અમેરિકા-ઈઝરાયલના હુમલામાં ઈરાનના પૂર્વ સર્વોચ્ચ નેતા આયતુલ્લા અલી ખામેનેઈના મૃત્યુ બાદ ઈરાન આક્રમક મૂડમાં છે. ઈરાને વળતો પ્રહાર કરતા ઈઝરાયલ અને અમેરિકન સૈન્ય મથકોને નિશાન બનાવ્યા છે અને વિશ્વના સૌથી વ્યસ્ત દરિયાઈ માર્ગ 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ'ને બંધ કરવાની ચીમકી આપી છે. આ સ્થિતિમાં ભારતીય જહાજ પર થયેલો હુમલો આંતરરાષ્ટ્રીય શિપિંગ રૂટ માટે ખતરાની ઘંટડી સમાન છે.

## તમિલનાડુમાં વિજય સરકારનો 'વિજય': ફ્લોર ટેસ્ટમાં બહુમત સાબિત કરતા જ AIADMKમાં ભડકો, પલાનીસ્વામીએ ૨૯ દિગ્ગજોને પક્ષમાંથી ખસેડ્યા



ચેન્નઈ:

તમિલનાડુ વિધાનસભામાં આજે સી. જોસેફ વિજયની આગેવાની હેઠળની ટીવીકે (TVK) સરકારે ભારે રસાકસી વચ્ચે વિશ્વાસનો મત જીતી લીધો છે. ૨૩૪ સભ્યોની વિધાનસભામાં બહુમત માટે ૧૧૮ મતોની જરૂર હતી, જેની સામે વિજય સરકાર ૧૪૪ ધારાસભ્યોના મજબૂત સમર્થન સાથે વિજેતા બની છે. જોકે, આ ફ્લોર ટેસ્ટ બાદ રાજ્યના મુખ્ય વિરોધ પક્ષ છૈંછડ્ઢસ્દ્ધમાં મોટું ભંગાણ સર્જાયું છે, જેના કારણે દક્ષિણ ભારતના રાજકારણમાં નવી સમીકરણો રચાઈ રહ્યા છે.

ફ્લોર ટેસ્ટ દરમિયાન AIADMKના ૨૫ બાગી ધારાસભ્યોએ પક્ષના વ્હીપની અવહેલના કરીને સી. જોસેફ વિજયની સરકારની તરફેણમાં મતદાન કર્યું હતું. આ શિસ્તભંગને સહન ન કરતા AIADMKના જનરલ સેક્રેટરી એડપ્પાદી કે. પલાનીસ્વામી (EPS) એ કડક કાર્યવાહી કરી છે. તેમણે સી.વી. શણમુગમ, એસ.પી. વેલુમણિ અને વિજયભાસ્કર જેવા દિગ્ગજ નેતાઓ સહિત કુલ ૨૯ હોદ્દેદારોને તાત્કાલિક અસરથી પક્ષના હોદ્દા પરથી દૂર કરી દીધા છે. જેમાં ૧૩ વર્તમાન ધારાસભ્યોનો પણ સમાવેશ થાય છે. પલાનીસ્વામીએ આ બાગી નેતાઓના સ્થાને નવા જિલ્લા સચિવોની નિમણૂક કરી પક્ષ પર પોતાની પકડ મજબૂત કરવાનો પ્રયાસ કર્યો છે.

પક્ષમાંથી હાંકી કાઢવામાં આવેલા સી.વી. શણમુગમે દાવો કર્યો છે કે, ટીવીકે અને AIADMK બંનેની વિચારધારા સમાન છે અને તેમનું મુખ્ય લક્ષ્ય DMK જેવી 'અનિષ્ટ શકિત' ને સત્તાથી દૂર રાખવાનું છે. તેમણે કોઈ પણ પ્રકારની લાલચના આરોપોને નકારી કાઢ્યા છે. બીજી તરફ, DMK નેતા ઉદયનિધિ સ્ટાલિને આ જીતને લોકશાહીની હત્યા ગણાવી છે. તેમણે આક્ષેપ કર્યો છે કે વિજય સરકાર 'ઉધાર'ના ધારાસભ્યો અને હોર્સ ટ્રેડિંગ દ્વારા સત્તા પર ટકી છે. ઉલ્લેખનીય છે કે ટીવીકે પાસે પોતાના ૧૦૫ ધારાસભ્યો હતા, પરંતુ AIADMKના ૨૫ અને AMMK ના એક ધારાસભ્યના ટેકાથી આંકડો ૧૪૪ પર પહોંચ્યો હતો.

વિજય સરકારે બહુમત તો સાબિત કરી દીધો છે, પરંતુ AIADMKમાં થયેલા આ વિસ્ફોટથી પલાનીસ્વામી માટે મોટો પડકાર ઉભો થયો છે. આગામી દિવસોમાં આ બાગી ધારાસભ્યોના સભ્યપદ રદ કરવા અંગેની કાયદાકીય લડાઈ વિધાનસભા અધ્યક્ષ સમક્ષ પહોંચવાની શક્યતા છે. આ ઘટનાક્રમથી સ્પષ્ટ થાય છે કે તમિલનાડુમાં હવે જૂના પક્ષો વચ્ચેની લડાઈમાં નવી ટીવીકે પાર્ટી કિંગમેકરની ભૂમિકામાં આવી ગઈ છે.

## દુનિયા પર યુદ્ધના વાદળો? ચાલુ બેઠકમાં જિનપિંગે ટ્રમ્પને ધમકાવ્યા: "તાઈવાન મુદ્દે ભૂલ કરી તો સંબંધો ખતરનાક વળાંક લેશે, સીધો સંઘર્ષ નક્કી"

વિશ્વની બે સૌથી મોટી મહાસત્તાઓ ચીન અને અમેરિકા વચ્ચે વ્યૂહાત્મક હરિફાઈ હવે જોખમી સ્તરે પહોંચી ગઈ છે. બેઈજિંગમાં આયોજિત હાઈ-સ્ટેક્સ સમિટ દરમિયાન ચીની રાષ્ટ્રપ્રમુખ શી જિનપિંગે અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને અત્યંત આકરા શબ્દોમાં ચેતવણી આપતા જણાવ્યું છે કે, જો તાઈવાન મુદ્દે અમેરિકા દ્વારા કોઈ પણ અયોગ્ય પગલું લેવામાં આવશે, તો બંને દેશો વચ્ચેના સંબંધો ક્યારેય ન સુધરે તેવા ખતરનાક વળાંક પર પહોંચી જશે. જિનપિંગે સ્પષ્ટ કર્યું હતું કે તાઈવાન એ ચીનની 'રેડ લાઈન' છે અને તેને પાર કરવી અમેરિકા માટે સીધા સૈન્ય સંઘર્ષનું આમંત્રણ બની શકે છે.



ચીની સરકારી મીડિયાના અહેવાલ મુજબ, આ બેઠકમાં શી જિનપિંગે તાઈવાનને ચીન-અમેરિકા સંબંધોનો સૌથી મહત્વપૂર્ણ અને સંવેદનશીલ મુદ્દો ગણાવ્યો હતો. તેમણે ચેતવણી આપી કે વન ચાઈના સિદ્ધાંત સાથે કોઈ પણ પ્રકારની છેડછાડ ચીન સહન કરશે નહીં. રસપ્રદ વાત એ છે કે, આટલી ગંભીર ચેતવણી બાદ જ્યારે ડોનાલ્ડ ટ્રમ્પ પત્રકારો સમક્ષ આવ્યા, ત્યારે તેમણે મુલાકાતને 'ખૂબ સરસ' ગણાવી હતી, પરંતુ તાઈવાન અંગેના કોઈ પણ સવાલનો જવાબ આપવાનું ટાળ્યું હતું. ટ્રમ્પનું આ મૌન અનેક રાજકીય તર્ક-વિતર્કને જન્મ આપી રહ્યું છે.

જિનપિંગની ધમકી બાદ તાઈવાન સરકારે પણ આક્રમક વલણ અપનાવ્યું છે. તાઈપેઈએ જણાવ્યું હતું કે, ચીની સૈન્ય દ્વારા સતત આપવામાં આવતી ધમકીઓ જ ઈન્ડો-પેસિફિક ક્ષેત્રની શાંતિ માટે સૌથી મોટું જોખમ છે.

તાઈવાને અમેરિકાના સમર્થન બદલ આભાર વ્યક્ત કરતા સ્પષ્ટ કર્યું કે તે એક સ્વતંત્ર અસ્તિત્વ ધરાવે છે. ઉલ્લેખનીય છે કે અમેરિકા 'તાઈવાન રિલેશન્સ એક્ટ' હેઠળ તાઈવાનને રક્ષણાત્મક શસ્ત્રો આપવા માટે કાયદેસર રીતે બંધાયેલું છે, જે ચીન માટે હંમેશા ખટકતો મુદ્દો રહ્યો છે.

ચીન તાઈવાનને પોતાનો અભિન્ન હિસ્સો માનીને તેના પુનઃ એકીકરણ માટે સૈન્ય બળના ઉપયોગની વાત વારંવાર કરી ચૂક્યું છે. હાલમાં વિશ્વના માત્ર ૧૨ દેશો તાઈવાન સાથે સત્તાવાર રાજદ્વારી સંબંધો ધરાવે છે, તેમ છતાં અમેરિકા અને પશ્ચિમી દેશો સાથે તેના ગાઢ આર્થિક સંબંધો છે. શી જિનપિંગની આ તાજેતરની ચેતવણીથી એશિયા-પેસિફિક ક્ષેત્રમાં ભૌગોલિક રાજકીય તણાવ ચરમસીમાએ પહોંચ્યો છે, જેની અસર વૈશ્વિક શેરબજારો અને વેપારી માર્ગો પર પણ પડી શકે છે.

# સાસણગીરની ગર્જના હવે ગ્લોબલઃ 'IBCA સમિટ-૨૦૨૬' ની પ્રથમ પ્રિ-ઈવેન્ટનો સાસણથી પ્રારંભ, મુખ્યમંત્રીએ સિંહ સંવર્ધનના ગુજરાત મોડલને બિરદાવ્યું




સાસણગીરઃ

એશિયાટિક સિંહોના એકમાત્ર નિવાસસ્થાન ગીરના આંગણે આજે વન્યજીવ સંરક્ષણના ક્ષેત્રે એક નવો ઇતિહાસ રચાયો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિઝનરી નેતૃત્વમાં આગામી ૧ જૂન, ૨૦૨૬ના રોજ યોજાનારી 'ઇન્ટરનેશનલ બિગ કેટ એલાયન્સ **(IBCA)** સમિટ'ની સૌપ્રથમ પ્રિ-ઈવેન્ટનો સાસણગીર ખાતેથી ભવ્ય પ્રારંભ થયો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરથી વર્ચ્યુઅલ માધ્યમ દ્વારા આ કાર્યક્રમનું ઉદઘાટન કરી વન્યજીવ પ્રેમીઓને નવી આશા અને ગૌરવના સમાચાર આપ્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ પોતાના ઉદબોધનમાં જણાવ્યું હતું કે, વન વિભાગની સજ્જતા અને વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનને કારણે વર્ષ ૧૯૯૧માં જે સિંહોની વસ્તી માત્ર ૨૮૪ હતી, તે આજે વધીને ૮૯૧ સુધી પહોંચી છે. સિંહોનો વિચરણ વિસ્તાર પણ હવે માત્ર ૩ જિલ્લા પૂરતો સીમિત ન રહેતા ૧૧ જિલ્લાઓ સુધી વિસ્તર્યો છે. ખાસ કરીને પોરબંદરનું બરડા અભયારણ્ય હવે સિંહોનું બીજું ઘર **(Second Home)** બની ગયું છે, જ્યાં હાલ ૨૪ સિંહો વસવાટ કરી રહ્યા છે. વડાપ્રધાનશ્રીએ આ વન્યજીવ સૃષ્ટિના વિકાસ માટે ₹૨,૦૦૦ કરોડના 'પ્રોજેક્ટ લાયન'ની ભેટ આપી છે, જેમાં આધુનિક સારવાર, ડ્રોન સર્વેલન્સ અને રેડિયો કોલર જેવી સુવિધાઓનો સમાવેશ થાય છે.

આ પ્રસંગે પ્રત્યક્ષ ઉપસ્થિત કેન્દ્રીય વન અને પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવે જણાવ્યું હતું કે, ૧ જૂને નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે યોજાનારી વૈશ્વિક સમિટમાં 'દિલ્હી ડેકલેરેશન' જાહેર કરવામાં આવશે. વિશ્વના ૫૫ દેશોમાં બિલાડી કુળની ૭ પ્રજાતિઓ વસે છે, જેમાંથી વાઘ, સિંહ, દીપડો, હિમ દીપડો અને ચિત્તો એમ ૫ પ્રજાતિઓ માત્ર ભારતમાં જોવા મળે છે તે ભારતની જૈવ-વિવિધતાનું પ્રમાણ છે. સાસણગીર બાદ હવે ભોપાલ, ભુવનેશ્વર, ગેંગટોક અને ચંદ્રપુર ખાતે પણ આવી પ્રિ-ઈવેન્ટ્સ યોજાશે.

રાજ્યના વન મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ આશાવાદ વ્યક્ત કર્યો હતો કે, ગુજરાતનું સિંહ સંવર્ધન મોડલ આજે વિશ્વ માટે 'રોલ મોડલ' છે. સિંહ અને દીપડાના સફળ સંવર્ધન બાદ હવે ગુજરાતની ભૂમિ પર વાઘનો કાયમી વસવાટ થાય અને ચિત્તાઓને પણ ફરી લાવવામાં આવે તે માટે વન વિભાગ પૂર્ણપણે સજ્જ છે. આ કાર્યક્રમમાં સાસણની વન્ય જીવ સૃષ્ટિ પર આધારિત વિશેષ બ્રોસરનું વિમોચન પણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં વન રાજ્ય મંત્રી પ્રવીણભાઈ માળી સહિત ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ સમિટથી ગીરની ઈકો-ટુરિઝમ અને સ્થાનિક અર્થતંત્રને મોટો વેગ મળવાની સાથે ગુજરાતની 'જીવમાં શિવ'ની સંસ્કૃતિનો સંદેશ વિશ્વભરમાં પહોંચશે.

# વડોદરાના કોંગ્રેસ કોર્પોરેટર આશિષ જોશીની અમદાવાદથી ફિલ્મી ઢબે ધરપકડઃ દારૂના જૂના કેસમાં પોલીસે હાથ ધરી કાર્યવાહી

અમદાવાદ/વડોદરાઃ

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના વોર્ડ નંબર ૧૫ના કોંગ્રેસના આક્રમક કોર્પોરેટર આશિષ જોશીની અમદાવાદની રામોલ પોલીસે ધરપકડ કરતા રાજકીય ગરમાવો વ્યાપી ગયો છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના સમયના એક જૂના દારૂના કેસમાં સંખેડા પોલીસ મથકે નોંધાયેલા ગુના સંદર્ભે પોલીસે આ કડક કાર્યવાહી કરી છે. આશિષ જોશી અમદાવાદમાં તેમના સંબંધીને ત્યાં જઈ રહ્યા હતા ત્યારે જ પોલીસે લોકેશનના આધારે વોચ ગોઠવી તેમને દબોચી લીધા હતા.

માહિતી મુજબ, સંખેડામાં પકડાયેલા એક બુટલેગરની પૂછપરછ દરમિયાન આશિષ જોશીનું નામ સામે આવ્યું હતું. આ બુટલેગરના નિવેદનને આધારે સંખેડા પોલીસે તપાસ તેજ કરી હતી અને અમદાવાદની રામોલ પોલીસની મદદથી તેમની અટકાયત કરવામાં આવી હતી. પ્રાથમિક તપાસ બાદ આશિષ જોશીને વધુ કાર્યવાહી માટે સંખેડા પોલીસને સોંપવામાં આવ્યા છે. પોલીસ આ મામલે પુરાવાઓ એકત્રિત કરી આગળની તપાસ ચલાવી રહી હોવાનું જણાવ્યું છે.

આ ધરપકડના સમાચાર વાયુવેગે પ્રસરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિએ સરકાર અને પોલીસ તંત્ર સામે મોરચો માંડ્યો છે. કોંગ્રેસ પ્રવક્તા હેમાંગ રાવલે જણાવ્યું હતું કે, 'આશિષ જોશી ભાજપના ગઢમાં જીતેલા જનપ્રતિનિધિ છે અને તેઓ હરણીકાંડના પીડિતોને ન્યાય અપાવવા માટે અવાજ ઉઠાવી રહ્યા હતા. આ અવાજને દબાવવા માટે જ ભાજપના ધારાસભ્ય અને તેમના મળતિયાઓએ આ કાવતરું ઘડ્યું છે.' કોંગ્રેસે સવાલ ઉઠાવ્યો છે કે, જો કોઈ બુટલેગર ભાજપના મંત્રીનું નામ આપે તો શું પોલીસ આવી જ તત્પરતા બતાવશે?

કોંગ્રેસે આક્ષેપ કર્યો છે કે જે દારૂ ગુજરાતની સરહદથી ૩૦૦ કિમીનો પ્રવાસ કરીને આવ્યો તેની તપાસ કરવાને બદલે ભ્રષ્ટાચાર ખુલ્લો પાડનારા વિપક્ષી નેતાને નિશાન બનાવવામાં આવ્યા છે. કોંગ્રેસે આ મામલે આગામી દિવસોમાં કાયદાકીય રીતે લડત આપવાની અને સત્યને જનતા સમક્ષ લાવવાની જાહેરાત કરી છે. આ ધરપકડથી વડોદરા કોર્પોરેશનમાં સત્તાપક્ષ અને વિપક્ષ વચ્ચેના સંબંધો વધુ વણસવાની શક્યતા છે.

# રાજકોટ-ચોટીલા હાઈવે પર કાળમુખો અકસ્માતઃ ડામરના ટેન્કર સાથે બસ અથડાતા સર્જાયો 'ફાયરબોલ', ૪ મુસાફરો જીવતા ભૂંજાયા



રાજકોટ/ચોટીલાઃ

રાજકોટ-ચોટીલા હાઈવે પર સાંગાણી ગામ નજીક ગત મોડી રાત્રે એક એવી દુર્ઘટના સર્જાઈ છે જે સાંભળીને કોઈ પણનું કાળજું કંપી જાય. અમદાવાદથી રાજકોટ તરફ જતી મધુરમ ટ્રાવેલ્સની લક્ઝરી બસ અને ડામર ભરેલા ટેન્કર વચ્ચે થયેલી પ્રચંડ ટક્કર બાદ આખી બસ જોતજોતામાં આગના ગોળામાં ફેરવાઈ ગઈ હતી. આ ભયાનક હોનારતમાં ૪ કમનસીબ મુસાફરો બસની અંદર જ જીવતા ભૂંજાઈ ગયા હતા, જ્યારે ૧૦થી વધુ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે.

માહિતી અનુસાર, આ અકસ્માત રાત્રે દોઢથી બે વાગ્યાના સુમારે સર્જાયો હતો. ડામર ભરેલા એક ટેન્કરનું ટાયર અચાનક ફાટતા તે ચાલકના કાબૂ બહાર ગયું હતું. આ દરમિયાન પાછળથી આવતી મધુરમ ટ્રાવેલ્સની બસ ટેન્કર સાથે ધડાકાભેર અથડાઈ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે શોર્ટ સર્કિટ અથવા ડામરના કારણે બસમાં તાત્કાલિક ભીષણ આગ ફાટી નીકળી હતી. ગાઢ નિદ્રામાં રહેલા મુસાફરો કંઈ સમજે તે પહેલા જ આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું, પરિણામે ચાર મુસાફરોને બહાર નીકળવાની તક જ મળી નહોતી.

અકસ્માત સમયે બસમાં આગ લાગ્યા બાદ મુસાફરો કેમ બહાર ન નીકળી શક્યા? શું બસનો ઈમરજન્સી દરવાજો **(Emergency Exit)** જામ હતો કે સામાનના કારણે બ્લોક હતો? આ દિશામાં પણ પોલીસે તપાસ શરૂ કરી છે.

ટેન્કરમાં ગરમ ડામર ભરેલો હોવાથી આગની તીવ્રતા અને ગરમીનું પ્રમાણ એટલું ઊંચું હતું કે ફાયર ફાઈટરોને પણ બસની નજીક પહોંચવામાં શરૂઆતમાં મુશ્કેલી પડી હતી. ડામરે 'બળતણ'નું કામ કરતા આગ સેકન્ડોમાં પ્રસરી ગઈ હતી.

આગ એટલી ભયાનક હતી કે મૃતકોના દેહ સંપૂર્ણપણે બળી ગયા છે, જેના કારણે તેમની ઓળખ કરવી અશક્ય બની છે. તંત્ર દ્વારા હવે આ મૃતકોની ઓળખ માટે **DNA** ટેસ્ટ કરવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. આ બસ તાલાલા તરફ જતી હોવાની વિગતો મળતા તાલાલા મામલતદાર સહિતના ઉચ્ચ અધિકારીઓ સતત સંપર્કમાં છે અને મૃતકો કે ઈજાગ્રસ્તોમાં તાલાલા પંથકના કેટલા લોકો છે તેની વિગતો મેળવી રહ્યા છે.

ઘટનાની જાણ થતા જ રાજકોટ અને ચોટીલાથી ફાયરબ્રિગેડની ટીમ તેમજ પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો અને ઈજાગ્રસ્તોને તાત્કાલિક રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

અકસ્માતને પગલે હાઈવે પર વાહનોની લાંબી કતારો લાગી હતી. પોલીસે હાલ અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સ્ટેચ્યૂ ઓફ યુનિટીના આંગણે 'ઉર્જા ક્રાંતિ': ૧૦૦૦ આદિવાસી પરિવારો રસોઈ ગેસમાં બનશે આત્મનિર્ભર, બાયોગેસ પ્લાન્ટથી ધુમાડામુક્ત થઈ રહી છે ગૃહિણીઓની જિંદગી

**વડાપ્રધાન મોદીના વિઝનથી નર્મદાના ૮૯ ગામોમાં પરિવર્તનની લહેર; અત્યાર સુધીમાં ૬૬૫ થી વધુ પ્લાન્ટ કાર્યરત**





નર્મદાઃ

વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યૂ ઓફ યુનિટીના સાનિધ્યમાં વસતા આદિવાસી પરિવારોના જીવનમાં હવે એક નવી ઉર્જાનો સંચાર થયો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૨૫ના રાષ્ટ્રીય એકતા દિવસ પર જે સંકલ્પ કર્યો હતો, તે હવે સાકાર થવા જઈ રહ્યો છે. એકતાનગરની આસપાસના ૧૦૦૦ આદિવાસી પરિવારોને બાયોગેસ પ્લાન્ટ દ્વારા રસોઈ ગેસની બાબતમાં આત્મનિર્ભર બનાવવાનો પ્રોજેક્ટ હવે તેના અંતિમ તબક્કામાં પહોંચી ગયો છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ નર્મદા જિલ્લાના ગરુડેશ્વર તાલુકાની ૩૮ ગ્રામ પંચાયતોના ૮૯ ગામોમાં આ યોજના પુરજોશમાં ચાલી રહી છે. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી **(DRDA)** દ્વારા સઘન મોનિટરિંગ સાથે અત્યાર સુધીમાં ૬૬૫ થી વધુ બાયોગેસ પ્લાન્ટ સફળતા પૂર્વક સ્થાપી દેવામાં આવ્યા છે. આ યોજનાથી માત્ર એલપીજી સિલિન્ડર પરની નિર્ભરતા જ નથી ઘટી, પરંતુ ગ્રામીણ અર્થતંત્રને પણ નવું બળ મળ્યું છે.

આ યોજનાનો સૌથી મોટો ફાયદો આદિવાસી મહિલાઓને થયો છે. વાઘપુરા ગામના સ્થાનિકો જણાવે છે તેમ, અગાઉ ખેતરમાં કામ કર્યા બાદ કલાકો સુધી લાકડાં વીણવા જવું પડતું હતું અને ચૂલાના ધુમાડાથી આંખો તેમજ ફેફસાંના રોગોનો ભય રહેતો હતો. બાયોગેસ પ્લાન્ટ આવવાથી હવે ગૃહિણીઓને ધુમાડામુક્ત રસોઈની સુવિધા મળી છે. આ ઉપરાંત, બાયોગેસમાંથી મળતી 'સ્લરી' (પ્રવાહી ખાતર) ખેતી માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે, જે રાસાયણિક ખાતરનો શ્રેષ્ઠ અને કુદરતી વિકલ્પ છે.

આ પ્રોજેક્ટની ખાસિયત એ છે કે પ્લાન્ટ સ્થાપવાનો તમામ આર્થિક ખર્ચ સરકાર ભોગવે છે. લાભાર્થી પરિવારે માત્ર ખાડો ખોદવા માટે શ્રમદાન કરવાનું રહે છે. આ પહેલથી પર્યાવરણની જાળવણીની સાથે સાથે ખેતીમાં પાક ઉત્પાદન વધારવામાં પણ મદદ મળી રહી છે. આ પ્રોજેક્ટ આગામી સમયમાં સમગ્ર રાજ્ય માટે આત્મનિર્ભરતાનું એક રોલ મોડેલ સાબિત થશે.

# સ્થાનિક ચૂંટણીમાં સુપડા સાફ થતા ગુજરાત કોંગ્રેસમાં ભડકો: પરાજયનું પોસ્ટમોર્ટમ કરવા નેતાગીરી દિલ્હીના દ્વારે, સંગઠનમાં મોટા ફેરફારના એંધાણ

## ટિકિટ ફાળવણીમાં ગેરરીતિ અને આંતરિક જૂથબંધી નડી: અમિત ચાવડા અને ડો. તુષાર ચૌધરી હાઈકમાન્ડને રિપોર્ટ સોંપવા દિલ્હી પહોંચ્યા



ગાંધીનગર:

ગુજરાતમાં તાજેતરમાં સંપન્ન થયેલી સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં કોંગ્રેસના કારમા પરાજયે પક્ષના પાયા હચમચાવી દીધા છે. મહાનગરપાલિકાથી લઈને તાલુકા પંચાયત સુધી ભાજપ સામે ઘૂંટણિયે પડેલી કોંગ્રેસમાં હવે આંતરિક વિખવાદ ચરમસીમાએ પહોંચ્યો છે. પરાજયની જવાબદારી સ્વીકારવાને બદલે એકબીજા પર દોષારોપણનો દોર શરૂ થતા પ્રદેશ નેતાગીરી દોડતી થઈ છે.

સ્થિતિની ગંભીરતાને જોતા પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા અને વિપક્ષી નેતા ડો. તુષાર ચૌધરી દિલ્હી દરબારમાં પહોંચ્યા છે.

ગુજરાત કોંગ્રેસના નેતાઓ છેલ્લા બે દિવસથી દિલ્હીમાં પડાવ નાખીને બેઠા છે, પરંતુ હાઈકમાન્ડ હાલમાં કેરળમાં મુખ્યમંત્રીની પસંદગીની પ્રક્રિયામાં વ્યસ્ત હોવાથી ગુજરાતના મુદ્દે ચર્ચા ટળી હતી. જોકે, સૂત્રોના જણાવ્યા અનુસાર ગુરુવાર બાદ હાઈકમાન્ડ ગુજરાતના નેતાઓ સાથે વન-ટુ-વન બેઠક કરી પરાજયના કારણો તપાસશે. પક્ષમાં ચાલી રહેલા આંતરિક કલહ અને નબળા સંગઠન અંગે હાઈકમાન્ડ આકરા પાણીએ હોવાનું જણાય છે.

પક્ષના આંતરિક મૂલ્યાંકન અહેવાલમાં પરાજયનું મુખ્ય કારણ ખોટી ટિકિટ ફાળવણી હોવાનું બહાર આવ્યું છે. જિલ્લા સ્તરેથી મોકલાયેલા લોકપ્રિય નામોને સાઈડલાઈન કરી પ્રદેશ નેતાઓએ પોતાની મનમાની ચલાવી હોવાના આક્ષેપો ઉઠ્યા છે. આ "થોપાયેલા" ઉમેદવારો સામે અનેક જગ્યાએ સ્થાનિક કાર્યકરોએ બળવો કર્યો હતો અથવા નિષ્ક્રિય રહ્યા હતા. આ અસંતોષને કારણે કોંગ્રેસે પોતાના મજબૂત ગઢ ગણાતા ગ્રામ્ય વિસ્તારો પણ ગુમાવ્યા છે.

આ વખતની ચૂંટણીમાં કોંગ્રેસનો દેખાવ ૨૦૨૧ કરતા પણ નબળો રહ્યો છે. જિલ્લા પંચાયતોમાં કોંગ્રેસની બેઠકો ૧૬૯ થી ઘટીને ૧૩૫ થઈ ગઈ છે, જ્યારે તાલુકા પંચાયતોમાં ૧૨૫૨ બેઠકો સામે માત્ર ૧૦૫૦ બેઠકો જ મળી છે. પરંપરાગત રીતે મજબૂત ગણાતા ગ્રામ્ય વિસ્તારોમાં પણ ભાજપે કોંગ્રેસનું પત્તું સાફ કરી દીધું છે.

અનેક બેઠકો પર આમ આદમી પાર્ટી (AAP) અને અન્ય અપક્ષ ઉમેદવારોએ કોંગ્રેસના વોટબેંકમાં મોટું ગાબડું પાડ્યું છે. ભાજપ વિરોધી મતોનું વિભાજન થતા કોંગ્રેસ જીતેલી બેઠકો પણ ગુમાવી બેઠી છે, જેના કારણે હવે કોંગ્રેસ ગુજરાતમાં 'નંબર ૨'ના સ્થાન માટે સંઘર્ષ કરી રહી છે.

ચૂંટણી દરમિયાન પક્ષના જ અધિકૃત ઉમેદવાર વિરુદ્ધ કામ કરનારા અને બળવાખોરોને મદદ કરનારા મોટા ગજાના નેતાઓની યાદી તૈયાર કરવામાં આવી છે. શિસ્ત સમિતિ દ્વારા આવા નેતાઓ સામે હકાલપટ્ટી સહિતના કડક પગલાં લેવાઈ શકે છે. બીજી તરફ, હાઈકમાન્ડ હવે ગુજરાતમાં પાયાના ફેરફાર કરવાના મૂડમાં છે. આગામી દિવસોમાં કેટલાક જિલ્લા પ્રમુખો અને પ્રભારીઓની છુટ્ટી થઈ શકે છે અને સંગઠનને પુનર્જીવિત કરવા માટે નવા અને યુવા ચહેરાઓને જવાબદારી સોંપવામાં આવી શકે છે.

# ગીરના 'કોર એરિયા'માં સિંહ દ્વારા ગાયનો શિકાર થતા વનવિભાગની સુરક્ષાના ધજાગરા: પ્રતિબંધિત વિસ્તારમાં પાલતુ પશુ ઘૂસ્યા કઈ રીતે?



જૂનાગઢ:

એશિયાટિક સિંહોના એકમાત્ર નિવાસસ્થાન ગીરના જંગલની ગરિમા અને સુરક્ષા સામે તાજેતરમાં એક ચોંકાવનારી ઘટનાએ ગંભીર સવાલો ખડા કર્યા છે. જંગલના અતિ સંવેદનશીલ અને પ્રતિબંધિત ગણાતા 'કોર એરિયા'માં સિંહ દ્વારા પાલતુ ગાયનો શિકાર કરવામાં આવ્યો હોવાની વિગતો બહાર આવતા વનવિભાગમાં દોડધામ મચી ગઈ છે. આ ઘટના માત્ર એક શિકાર નથી, પરંતુ ગીરના જંગલની સુરક્ષા વ્યવસ્થામાં રહેલા મોટા છીંડાઓને પણ છતાં કરે છે.

ગીરનો આંતરિક વિસ્તાર સામાન્ય રીતે માનવીય હસ્તક્ષેપ અને પાલતુ પશુઓ માટે સંપૂર્ણપણે પ્રતિબંધિત હોય છે. એવામાં લોકમુખે સૌથી મોટો સવાલ એ ચર્ચાઈ રહ્યો છે કે, વનવિભાગની સતત દેખરેખ અને ચોકીઓ હોવા છતાં પાલતુ ગાય જંગલના આટલા ઊંડાણ સુધી પહોંચી કેવી રીતે? શું વનવિભાગનું પેટ્રોલિંગ માત્ર કાગળ પર છે? પર્યાવરણ પ્રેમીઓ આક્ષેપ કરી રહ્યા છે કે વનવિભાગની મંજૂરી કે જાણ વગર કોઈ પણ પાલતુ પશુ આટલી હદ સુધી જંગલમાં પ્રવેશી શકે નહીં, જે સુરક્ષામાં મોટી ચૂક છે.

નિષ્ણાતોના મતે, જંગલમાં પાલતુ પશુઓના પ્રવેશથી વન્યજીવોમાં ફૂટ એન્ડ માઉથ જેવા ઘાતક રોગો ફેલાવવાનો ભય રહેલો છે. વધુમાં, જો સિંહોને જંગલી પ્રાણીઓને બદલે પાલતુ પશુઓના સરળ શિકારની આદત પડી જાય, તો તેઓ ખોરાકની શોધમાં જંગલની બહાર રેવન્યુ વિસ્તારમાં ધસી આવવાની શક્યતા વધી જાય છે. આ પરિસ્થિતિ ભવિષ્યમાં માનવ-સિંહ સંઘર્ષની લોહિયાળ ઘટનાઓને આમંત્રણ આપી શકે છે.

સ્થાનિક લોકો અને વન્યજીવ પ્રેમીઓની માંગ છે કે વનવિભાગ આ મામલે ઉંડાણપૂર્વક તપાસ કરે કે કયા પશુપાલકો દ્વારા નિયમો નેવે મૂકીને પશુઓને જંગલમાં મોકલવામાં આવ્યા હતા. આ સાથે જ જવાબદાર વનકર્મીઓ સામે પણ પગલાં લેવાવા જોઈએ. જંગલની સરહદો પર સીસીટીવી કેમેરા અને આધુનિક સર્વેલન્સ વધારવાની પણ તીવ્ર અપેક્ષા સેવવામાં આવી રહી છે, જેથી કરીને ગીરના રાજા અને તેની પ્રાકૃતિક વિરાસતને સુરક્ષિત રાખી શકાય. અહેવાલ ભાવેશ વાઘેલા અમરેલી

# જામનગરમાં મનપાનું 'બુલડોઝર' ગુંજ્યું: ?૩.૫૦ કરોડની સરકારી જમીન પરથી દબાણોનો સફાયો, વૃદ્ધ દંપતીની પથ્થરમારાની ચીમકીથી મચ્યો હંગામો





જામનગર:

જામનગર મહાનગરપાલિકાની એસ્ટેટ શાખા દ્વારા (૧૪મી મે) શહેરના જડેશ્વર પાર્ક વિસ્તારમાં ગેરકાયદે દબાણો વિરુદ્ધ મેગા ડિમોલિશન હાથ ધરવામાં આવ્યું હતું. અંદાજે ૮ હજાર ચોરસ ફૂટ જેટલી કિંમતી સરકારી જમીન ખુલ્લી કરાવવાની આ કામગીરી દરમિયાન તંત્રને ભારે વિરોધનો સામનો કરવો પડ્યો હતો. રૂ.૩.૫૦ કરોડની કિંમતની જમીન પરથી દબાણો હટાવતી વખતે એક વૃદ્ધ દંપતીએ આત્મવિલોપન જેવી સ્થિતિ અને પથ્થરમારાની ચીમકી ઉચ્ચારતા થોડો સમય અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

ડિમોલિશનની કામગીરી જ્યારે પરાકાષ્ઠાએ હતી, ત્યારે નંદુબેન નામના એક વૃદ્ધા પોતાના પતિ સાથે જેસીબી મશીન આડે ઊભા રહી ગયા હતા. તેમણે આક્રોશ સાથે ચીમકી આપી હતી કે, "જો અમારો આશરો તોડશો તો અમે પથ્થરમારો કરીશું." રડતી આંખે નંદુબેને પોતાની આપવીતી જણાવતા કહ્યું કે, તેમણે ૪૦ વર્ષ પહેલા આ જગ્યા ખરીદી હતી. હવે તેમના પુત્રના અવસાન બાદ વિધવા પુત્રવધૂ અને બે પૌત્રોના ગુજરાન માટે આ મકાન જ એકમાત્ર સહારો છે. જોકે, મનપાના અધિકારીઓએ તેમને સમજાવ્યું હતું કે આ જમીન સરકારી છે અને અગાઉ અનેક નોટિસો આપવા છતાં દબાણ દૂર કરાયું નહોતું. અંતે પોલીસની મદદથી દંપતીને બાજુ પર ખસેડી કામગીરી આગળ ધપાવવામાં આવી હતી.

મનપા દ્વારા વહેલી સવારથી જ ૨ જેસીબી મશીનો, ૩ ટ્રેક્ટરો અને એસ્ટેટ શાખાના ૩૫થી વધુ કર્મચારીઓ સાથે ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. આ દરમિયાન કુલ ૬ જેટલા મોટા દબાણો તોડી પાડવામાં આવ્યા હતા, જેમાં ૩ કાચા-પાકા મકાનો, એક ગેરેજ, એક દુકાન અને એક વાડાનો સમાવેશ થાય છે. તંત્રએ સ્પષ્ટ કર્યું હતું કે તમામ દબાણકર્તાઓને અગાઉથી અંતિમ નોટિસો આપી દેવામાં આવી હતી અને કાયદાકીય પ્રક્રિયાના ભાગરૂપે જ આ ૮ હજાર ચોરસ ફૂટની જગ્યા ખાલી કરાવાઈ છે.

કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ૨૦થી વધુ પોલીસ જવાનોનો ખડકલો કરી દેવામાં આવ્યો હતો. જામનગર મનપાના જણાવ્યા મુજબ, શહેરના અન્ય વિસ્તારોમાં પણ સરકારી જમીન પચાવી પાડનારા તત્વો સામે આગામી દિવસોમાં આવી જ કડક ઝુંબેશ ચાલુ રાખવામાં આવશે. આ કામગીરીથી જામનગરના ભૂમાફિયાઓ અને ગેરકાયદે દબાણકર્તાઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.

અમરેલી જિલ્લા પોલીસ વડાની કચેરી દ્વારા ગાઈડલાઈન જારી; અજાણી લિંક પર ક્લિક કરવા કે OTP શેર કરવા સામે લાલબત્તી

# સાવધાન! અમરેલી સ્વામિનારાયણ મંદિરના નામે 'લકી ડ્રો'ની લાલચ આપી નાગરિકોને ખંખેરતી સાયબર ટોળકી સક્રિય; પોલીસની જાહેર અપીલ

અમરેલીઃ

વર્તમાન સમયમાં જ્યારે લોકો ડિજિટલ લેવડ-દેવડ તરફ વળ્યા છે, ત્યારે સાયબર ગુનેગારોએ પણ છેતરપિંડીના નવા રસ્તાઓ શોધી કાઢ્યા છે. અમરેલી જિલ્લામાં અત્યારે કેટલાક અસામાજિક તત્વો દ્વારા આસ્થાના કેન્દ્ર સમાન "શ્રી સ્વામિનારાયણ મંદિર-અમરેલી" ના નામે સોશિયલ મીડિયા અને મેસેજિંગ એપ્સ પર લકી ડ્રોના ખોટા મેસેજ વહેતા કરવામાં આવ્યા છે. અમરેલી જિલ્લા પોલીસે આ મામલે ગંભીર નોંધ લઈને જાહેર જનતાને સતર્ક રહેવા ખાસ અપીલ કરી છે.

સાયબર માફિયાઓ દ્વારા નાગરિકોને એવા મેસેજ મોકલવામાં આવે છે કે લકી ડ્રોમાં તમને મોટું ઈનામ લાગ્યું છે. ત્યારબાદ ઈનામ મેળવવા માટે રજીસ્ટ્રેશન ફી, ટેક્સ કે કુરિયર ચાર્જના બહાને નાની-મોટી રકમ ઓનલાઈન પડાવવામાં આવે છે. લોકો ધાર્મિક સંસ્થાનું નામ હોવાથી જલદી વિશ્વાસ કરી લેતા હોય છે, જેનો આ ગુનેગારો ગેરલાભ ઉઠાવી રહ્યા છે.

જિલ્લા પોલીસ વડાની કચેરી દ્વારા નાગરિકોની સુરક્ષા માટે કેટલીક મહત્વની સૂચનાઓ જારી કરવામાં આવી છે. જે મુજબ, કોઈપણ અજાણી લિંક પર ક્લિક ન કરવું અને કોઈપણ અજાણી વ્યક્તિ સાથે ફોન પર વાત કરીને UPI કે બેંક ટ્રાન્સફર દ્વારા નાણાં મોકલવા નહીં. ખાસ કરીને તમારા બેંક ખાતાની વિગતો, પર્સનલ ડેટા કે OTP કોઈની પણ સાથે ક્યારેય શેર ન કરવા. કોઈપણ ડ્રો કે યોજના વિશે ટ્રસ્ટની સત્તાવાર ઓફિસ પર જઈને ચકાસણી કર્યા વગર નાણાકીય જોખમ ન લેવું.

પોલીસે ખાસ નોંધમાં જણાવ્યું છે કે, જો કોઈ નાગરિક આવા સાયબર ફ્રોડનો શિકાર બને, તો સમય વેડફ્યા વગર તુરંત જ ભારત સરકારના હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર સંપર્ક કરવો. આ ઉપરાંત www.cybercrime.gov.in પોર્ટલ પર પણ ઓનલાઈન ફરિયાદ નોંધાવી શકાય છે. અમરેલી જિલ્લા પોલીસ નાગરિકોની સુરક્ષા માટે કટિબદ્ધ છે અને આવા ગુનેગારોને જેલના સળિયા પાછળ ધકેલવા તપાસ તેજ કરી છે. અહેવાલ ભાવેશ વાઘેલા અમરેલી




# નાનાઝીંઝુડાના ગોંદરે ભક્તિનો મહાસાગર ઘૂઘવ્યોઃ પ.પૂ. મસાપીર બાપુના સાનિધ્યમાં માં મોમાઈનો ૨૪ કલાકનો 'નવરંગો માંડવો' સંપન્ન



સાવરકુંડલાઃ

સાવરકુંડલા તાલુકાના ઐતિહાસિક નાનાઝીંઝુડા ગામના પાદરે આપણી પ્રાચીન લોક-સંસ્કૃતિ અને અણમોલ આધ્યાત્મિક વારસાને ઉજાગર કરતો એક મંગલમય પ્રસંગ યોજાઈ ગયો.


ગાયોના પવિત્ર ગોંદરે બિરાજમાન આદ્યશક્તિ માં મોમાઈ માતાજીના ૨૪ કલાકના ભવ્ય 'નવરંગા માંડવા'નું આયોજન અત્યંત શ્રદ્ધા, ભક્તિ અને અપાર સેવાભાવ સાથે સંપન્ન થયું છે, જેણે સમગ્ર પંથકને આધ્યાત્મિક ચેતનાથી તરબતર કરી દીધો છે

આ દિવ્ય મહોત્સવનું આયોજન મોમાઈ માતાજી મંદિરના મહંત અને આધ્યાત્મિક ઉર્જાના સ્ત્રોત એવા પરમ પૂજ્ય મસાપીર બાપુના પાવન આશીર્વાદ અને પ્રેરણાદાયી સાનિધ્યમાં કરવામાં આવ્યું હતું. બાપુની નિશ્રામાં યોજાયેલા આ અનુષ્ઠાને શ્રદ્ધાળુઓમાં એક નવો જ વિશ્વાસ અને ઉર્જાનો સંચાર કર્યો હતો. મહોત્સવનો પ્રારંભ માં મોમાઈના અત્યંત ભવ્ય સામૈયા સાથે થયો હતો. ડાક-ડમરૂ, ઢોલ-નગારાના ગુંજારવ અને અબીલ-ગુલાલની છોળો વચ્ચે જ્યારે માતાજીની પધરામણી થઈ, ત્યારે સમગ્ર વાતાવરણ દિવ્ય તેજથી પ્રજ્વલિત થઈ ઉઠ્યું હતું.

૨૪ કલાકના આ અખંડ માંડવા દરમિયાન શાસ્ત્રોક્ત વિધિ-વિધાન સાથે થાંભલી રોપણ કરવામાં આવ્યું હતું. રાત્રિ દરમિયાન ડાક-ડમરુના ગંભીર નાદ અને માતાજીના ગુણગાન સાથે ભક્તિમય માહોલ જામ્યો હતો. આ ધાર્મિક મહોત્સવમાં ભક્તિની સાથે સેવાનો પણ અદભૂત સમન્વય જોવા મળ્યો હતો. 'મોમાઈ ગ્રુપ' ના નિષ્ઠાવાન યુવાનો અને સ્વયંસેવકોએ રાત-દિવસ જોયા વગર ખડેપગે રહી વ્યવસ્થા સંભાળી હતી. મહોત્સવના ભાગરૂપે યોજાયેલા ભવ્ય મહાપ્રસાદમાં હજારો માઈભક્તોએ ખૂબ જ ભાવપૂર્વક પ્રસાદ ગ્રહણ કર્યો હતો. ભોજન, ભજન અને સેવાનો આ સંગમ સૌ શ્રદ્ધાળુઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો.

સાવરકુંડલા તાલુકા પંથક તેમજ આસપાસના અનેક ગામોમાંથી માઈભક્તોનું ઘોડાપૂર નાનાઝીંઝુડા ખાતે ઉમટી પડ્યું હતું. ભાવિકોએ માં મોમાઈના તેજસ્વી સ્વરૂપના દર્શન કરી અને પ.પૂ. મસાપીર બાપુના આશીર્વાદ મેળવી કૃતાર્થતા અનુભવી હતી. પરમ વંદનીય સંતો-મહંતોની ગરિમાપૂર્ણ ઉપસ્થિતિ અને ભવ્ય મહાઆરતીના દર્શનનો લ્હાવો લઈ ભક્તો ધન્ય થયા હતા. સમગ્ર આયોજન દરમિયાન નાનાઝીંઝુડાનું ગોંદરું એક પવિત્ર તીર્થધામમાં પરિવર્તિત થઈ ગયું હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા. અહેવાલ ભાવેશ વાઘેલા અમરેલી

# અમરેલીના રાજકમલ ચોકમાં 'પાવર પેક' પરફોર્મન્સઃ ધડાકા સાથે ઠપ્પ થયેલા વીજ પુરવઠાને PGVCLની ટીમે ગણતરીની મિનિટોમાં કર્યો પુનઃસ્થાપિત




અમરેલીઃ

અમરેલી શહેરના સૌથી વ્યસ્ત અને વ્યાપારિક કેન્દ્ર ગણાતા રાજકમલ ચોક વિસ્તારમાં ગત રોજ વીજ પુરવઠો ખોરવાતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. રાજકમલ ચોક સબ-સ્ટેશનમાં અચાનક કોઈ ટેકનિકલ કારણોસર જોરદાર ધડાકા થતા સ્થાનિકોમાં ફફડાટ વ્યાપી ગયો હતો અને આસપાસના વિસ્તારોમાં વીજળી ગુલ થઈ ગઈ હતી. જોકે, આ આકસ્મિક પરિસ્થિતિમાં અમરેલી પીજીવીસીએલની ટીમે જે રીતે ત્વરિત અને સરાહનીય કામગીરી કરી છે, તેનાથી લોકોમાં તંત્ર પ્રત્યેનો વિશ્વાસ વધ્યો છે.

રાજકમલ ચોક એ શહેરનો હાર્દ સમાન વિસ્તાર છે, જ્યાં સેંકડો વેપારીઓ અને રહેવાસીઓ આવેલા છે. સબ-સ્ટેશનમાં ટેકનિકલ ખામી સર્જાતા થયેલા ધડાકાને કારણે લોકો ઘર અને દુકાનોની બહાર દોડી આવ્યા હતા. ભરઉનાળાની ગરમી અને ટ્રાફિકથી ધમધમતા આ વિસ્તારમાં જો લાંબો સમય વીજળી ગુલ રહે, તો વેપારીઓને મોટું આર્થિક નુકસાન અને રહેવાસીઓને ભારે હાલાકી ભોગવવી પડે તેવી સ્થિતિ નિર્માણ પામી હતી. લાઈટ જવાથી એસી અને પંખા બંધ થતા લોકો પરેશાન થઈ ગયા હતા.

આ ઘટનાની જાણ થતા જ અમરેલી પીજીવીસીએલના જવાબદાર ઈજનેરો અને લાઈન સ્ટાફની ટીમ પળવારનો પણ વિલંબ કર્યા વગર જરૂરી સાધન-સામગ્રી સાથે ઘટનાસ્થળે દોડી ગઈ હતી. સૌ પ્રથમ ટીમે ફોલ્ટનું ચોકસાઈપૂર્વક નિદાન કર્યું હતું અને સલામતીના તમામ પ્રોટોકોલનું પાલન કરીને સમારકામ શરૂ કર્યું હતું. ટ્રાફિક અને ભીડભાડ વાળા વિસ્તારમાં પડકારો હોવા છતાં, ટીમે એકજૂથ થઈને ભારે જહેમત ઉઠાવી હતી અને અંદાજિત સમય કરતા ખૂબ જ ઝડપથી વીજ પુરવઠો ફરી કાર્યરત કરી દીધો હતો. ટીમે સાબિત કર્યું કે તેઓ ગમે તેવી વિષમ પરિસ્થિતિમાં પણ નાગરિકોની સેવામાં તત્પર છે.

પીજીવીસીએલની આ કાર્યનિષ્ઠા જોઈને રાજકમલ ચોકના વેપારીઓ અને રહીશો ગદગદ થયા હતા. એક સ્થાનિક વેપારીએ જણાવ્યું હતું કે, "અમને ડર હતો કે આજે આખી રાત લાઈટ વગર વિતાવવી પડશે, પરંતુ પીજીવીસીએલના સ્ટાફે જે ઝડપે અને સાવચેતીથી કામ કર્યું તે ખરેખર પ્રશંસનીય છે." અમરેલી પીજીવીસીએલ તંત્રએ ફરી એકવાર સાબિત કર્યું છે કે ગમે તેવી આકસ્મિક પરિસ્થિતિ હોય, તેઓ ગ્રાહકોની સુવિધા માટે હંમેશા સજ્જ છે. અહેવાલ ભાવેશ વાઘેલા અમરેલી

# અમરેલીમાં કાળમુખા વાહને સિંહબાળનો જીવ લીધોઃ રાજુલાના દાંતરડી પાસે હાઈવે ક્રોસ કરતા વનરાજ પર મોત ફરી વળ્યું, વન્યજીવ પ્રેમીઓમાં ભારે શોક

અમરેલી/રાજુલાઃ

એશિયાટિક સિંહોના ગઢ ગણાતા અમરેલી જિલ્લામાં ફરી એકવાર વનરાજના લોહીથી હાઈવે ખરડાયો છે. ભાવનગર-સોમનાથ નેશનલ હાઈવે પર રાજુલાના દાંતરડી ગામ નજીક મોડી રાત્રે સર્જાયેલા એક દર્દનાક અકસ્માતમાં એક વર્ષના નિર્દોષ સિંહબાળનું કરૂણ મોત નીપજ્યું છે. અજાણ્યા વાહનની જોરદાર ટક્કરથી સિંહબાળે ઘટનાસ્થળે જ જીવ ગુમાવતા વનવિભાગ અને વન્યજીવ પ્રેમીઓમાં ઘેરા શોકની લાગણી પ્રસરી ગઈ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, દાંતરડી ગામ પાસેથી પસાર થતા નેશનલ હાઈવે પરથી જ્યારે આશરે એક વર્ષનું સિંહબાળ રોડ ક્રોસ કરી રહ્યું હતું, ત્યારે અંધારામાં પુરપાટ ઝડપે આવી રહેલા એક અજાણ્યા વાહને તેને અડફેટે લીધું હતું. અકસ્માત એટલો જોરદાર હતો કે સિંહબાળને ગંભીર ઈજાઓ પહોંચી હતી અને તે ઊભું થાય તે પહેલા જ તેનું પ્રાણપંખેરું ઉડી ગયું હતું. ઘટનાની જાણ થતા જ આસપાસના લોકો અને વનવિભાગનો કાફલો તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યો હતો.

સિંહબાળના મોતના સમાચાર મળતા જ વનવિભાગે આ મામલાને ગંભીરતાથી લઈ તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. સીસીટીવી ફૂટેજ અને બાતમીદારોની ચોક્કસ માહિતીના આધારે વનવિભાગે ગણતરીના કલાકોમાં જ જવાબદાર વાહનચાલકને શોધી કાઢ્યો હતો. પકડાયેલ વાહનચાલક રાજસ્થાનનો હોવાનું ખુલ્યું છે. વનવિભાગે સિંહબાળના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડી, વાહનચાલક વિરુદ્ધ વન્યજીવ સંરક્ષણ અધિનિયમ (Wildlife Protection Act) હેઠળ કડક કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ભાવનગર-સોમનાથ નેશનલ હાઈવે સિંહોની અવરજવર માટે અત્યંત સંવેદનશીલ માનવામાં આવે છે. વનવિભાગ દ્વારા વારંવાર વાહનચાલકોને ગતિ મર્યાદા જાળવવા અને રાત્રિના સમયે સાવચેતી રાખવા સૂચના આપવામાં આવે છે, છતાં બેદરકાર વાહનચાલકો વન્યજીવો માટે જીવલેણ સાબિત થઈ રહ્યા છે. આ અકસ્માતે ફરી એકવાર સિંહોની સુરક્ષા સામે મોટા સવાલો ઉભા કર્યા છે.